


# અનુપમની હે અમૃતધારા...!

~ સદ્ગુરુ સાધુ પરમ પૂજ્ય અશ્વિનદાદા

શિબિર : જીવનમાં સત્સંગના ચાર પાયા : માહાત્મ્ય–નિશ્ચય–આશરો–સેવા.
સ્ટૅચ્યૂ ઑફ યુનિટી, એકતાનગર, રાજપીપળા, નર્મદા : ૨ ડિસેમ્બર ૨૦૨૩

**હસતાં–રમતાં** ને આનંદ કરતાં પ્રગટ ગરુહરિ સાહેબદાદા આપણાં જીવનમાં કેવી અદ્ભુત પ્રગતિ અને પ્રાપ્તિ કરાવી રહ્યા છે એની પ્રતીતિ આપ સર્વની વાતો સાંભળીને થઈ ! ગુણાતીતાનંદ સ્વામીએ એક વાતમાં કહ્યું છે કે, 'જ્ઞાન મુખ્ય થાય અને સત્પુરુષ ગૌણ ના થઈ જાય એનું ધ્યાન રાખજો.' જે કંઈ છે એ આ પ્રગટ સત્પુરુષની પ્રાપ્તિને કારણે છે. તેઓ કૃપાસિંધુ છે અને કૃપાનિધિ પણ છે. સાહેબદાદા સાથેનો આપણા સંબંધ, સંપર્ક અને સત્સંગના પરિણામે કેટલી બધી આધ્યાત્મિક પ્રાપ્તિ તરફ આપણે સહજતાથી આનંદપૂર્વક આગળ વધી રહ્યાં છીએ !

પહેલાંમાં પહેલું તો, સાહેબદાદામાં આપણને આપણા ઈષ્ટદેવ ભગવાનનાં દર્શન થાય એ બહુ આવશ્યક બાબત છે. એક બહુ સુંદર વાત સાહેબદાદા હંમેશાં કહે છે કે, 'સાધુ એ ભગવાન નથી, પણ સાધુ એ ભગવાનને પામવા માટેનું સાધન છે.' ગુરુહરિ સાહેબદાદા આ વાત સમજાવતાં એમ કહે છે કે, 'જ્યારે તમારી મૂર્તિનાં દર્શન કરું છું ત્યારે મને મારા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની સહજ સ્મૃતિ થાય છે. જ્યારે તમારા શ્રીમુખે જ્ઞાનની વાત સાંભળું છું ત્યારે જાણે કે સાક્ષાત્ ગુણાતીતાનંદ સ્વામી વાત કરી રહ્યા હોય તેવો ભાવ થાય છે.' – 'રૂડી તારી મૂર્તિમાં શ્રીજી દેખાય, મીઠી તારી વાતડીમાં સ્વામી સંભળાય...' ભજનમાં પણ આ જ કહ્યું છે.

શ્રી અક્ષર અને શ્રી પુરુષોત્તમને ધારક પરમતત્ત્વ મને આ પ્રગટ સત્પુરુષ દ્વારા મળ્યું છે અને આપણે જ્ઞાનની જે બધી વાતો કરીએ છીએ એ જ્ઞાન આપણને એમના થકી જ જીવનમાં હસતાં રમતાં પ્રાપ્ત થાય છે. હવે આપણે આધ્યાત્મિક રીતે એટલા આગળ વધ્યાં છીએ તો સાહેબનાં દર્શન કરીને આપણને આનંદ થાય છે એવો જ આનંદ સાહેબના સંતોનાં દર્શન કરીને પણ થાય છે – જાણે કે, તેઓમાં આપણને સાહેબનાં દર્શન થાય છે ! એનાથી આગળ સાહેબના સંબંધવાળા ભક્તોનાં દર્શન કરીએ અને એમનામાં પણ સાહેબનાં દર્શન થાય, 'સંબંધવાળામાં મહારાજને જોવા' એમ જોતાં થઈએ ત્યાં સુધીનું આધ્યાત્મિક જ્ઞાન આપણી પ્રૅક્ટિસમાં આવે છે. આપણે આજે આ બોલીશું તો કાલે જીવન–આચરણમાં આવશે. આ જ્ઞાન, આ બારાખડી, આ એકડો–બગડો–ત્રગડો આપણે સમજ્યાં તો હવે એ આપણા જીવન–આચરણ અને વર્તનમાં આવશે. એટલે મહિમા ને ગુણગાનની વાત ગાવામાં–બોલવામાં સહેજેય કચાસ કે શરમ રાખવી નહીં.

બીજી આધ્યાત્મિક પ્રગતિ સર્વએ નોંધી હશે કે, દરેક મુક્તોએ પોતાના મંડળના મુક્તોનાં ગુણાનુગાન ગાયાં; આ બહુ મોટી વાત છે ! ભગવાનના, સંતના મહિમાની વાત એ કથા કહેવાય, જ્યારે પોતાની સાથે જીવન જીવતા પોતાના જેવા જ, પોતાના બરોબરિયા અને ક્યારેક અથડાતા અને ક્યારેક નહીં ગમતા એવાનાં પણ મહિમા ને ગુણગાનની વાત આપણે જ્યારે કરીએ ત્યારે ખરેખર ગુણાતીત જ્ઞાનની વાતને આપણે સમજ્યા કહેવાય. એવી વાતો આપણે કરતાં થયાં છીએ તો હવે આપણે ગુરુકૃપાથી, પ્રભુકૃપાથી એને આચરણમાં–પ્રૅક્ટિસમાં પણ લાવતાં થવાનાં જ છીએ.

દરેક મંડળના મુક્તોએ આપણને ઉપદેશ કે કથા નથી કરી, પણ પોતાના જીવનની વાત કરી છે, પોતાના મંડળની વાત કરી છે, પોતાના સાથીદારોની વાત કરી છે. પોતાના સાથીદારોના ગુણ જોયા હોય અને મહિમા સમજ્યા હોય તો જ એમની વાત થઈ શકે છે. અને આ તો શિબિર છે ને શીખવા માટે આપણે આવ્યાં છીએ એટલે સારું લગાડવા માટે કશું બોલવાનું નથી. સારું જીવવા માટે આજે બોલ્યાં છીએ તો કાલે સારું જીવતાં પણ થઈશું. જે બોલીએ છીએ તે જિવાશે, કારણ કે, આપણને સાહેબદાદામાં શ્રદ્ધા છે, વિશ્વાસ છે, દૃઢપણે આશરો છે, નિષ્ઠા છે ! બધું જ્ઞાન એમાં આવી જાય છે. આપણે જે માંગીશું તે મળશે નહીં, પણ એમની જે ઇચ્છા હશે એમ જ થશે અને એ જ મળશે. આપણે ઇચ્છીએ, માંગીએ એ મળતું નથી, પ્રભુની જે ઇચ્છા હોય એ જ થાય છે તો એનો અર્થ એમ થયો કે, પ્રભુએ જે આપ્યું છે એને સહજતાથી ને આનંદપૂર્વક સ્વીકારી લેવું, એ એમનું કર્તા-હર્તાપણું માન્યું કહેવાય, એ એમની સત્તા, સામર્થી, ઐશ્વર્ય-પ્રતાપનું દર્શન છે.

બીજી બહુ અગત્યની ને મહત્ત્વની વાત કે, આ સંબંધવાળા મુક્તોને વિશે કોઈ દિવસ આપણા મનથી કોઈ જજમૅન્ટ આપવું નહીં. સંબંધવાળા મુક્તોમાં મને મળ્યા એ પ્રગટ ગુરુહરિ જ કામ કરી-કરાવી રહ્યા હોય છે. તેમને તો તેઓ નિમિત્ત બનાવે છે, કામ તો તેઓ જ કરે છે. અને જે દિવસે એમ માન્યું કે, આ હું કરું છું, તે દિવસે જેને આપણે પ્રસંગ કહીએ છીએ, કસોટી કહીએ છીએ એ આપણા જીવનમાં આવીને ઊભી રહે છે.


ક્યારેય કોઈના વિશે કશું જજમૅન્ટ આપણે આપણી બુદ્ધિ કે માન્યતા પ્રમાણે બાંધી દેવું નહીં. આવું માનીએ એનો અર્થ એમ થયો કે, આપણા ભગવાન શ્રી સ્વામિનારાયણને આપણે કર્તા માન્યા. કારણ કે, શ્રી સ્વામિનારાયણ ભગવાને 'વચનામૃત'માં એમ કહ્યું છે કે, 'આ મારા સંબંધવાળાં જે ચૈતન્યો છે તે પ્રગતિ કરતાં ચૈતન્યો છે.' એટલે મેં આજે કોઈ વ્યક્તિ વિશે કાંઈ પૂર્વગ્રહ કે જજમૅન્ટ બાંધ્યું તો એ જગ્યા ઉપર – એ સમયકાળમાં હું અટકી ગયો. શ્રી સ્વામિનારાયણ ભગવાન તો એમ કહે છે કે, 'આ બધાં પ્રગતિ કરતાં ચૈતન્યો છે.' અને કર્તા-હર્તા તો મને જે શ્રી અક્ષરપુરુષોત્તમના પરમતત્ત્વને ધારક પ્રગટ સત્પુરુષ – ગુણાતીત સત્પુરુષ મળ્યા છે એમની શક્તિ કામ કરી રહી છે ; તો મારી બુદ્ધિનું ચોકઠું મને ભગવાન ને ભગવાનના સંતોને, ભગવાનના ભક્તોને દિવ્ય અને નિર્દોષ માનવામાં અટકાવે છે તે વાતનો મારે સ્વીકાર કર્યે છૂટકો છે.

અને આપણે જો સારાનો સંગ રાખીશું, સાધુનો સંગ રાખીશું તો આ જે અડચણ છે, જે અટકાવત છે એમાંથી પણ ગુરુ, પ્રભુ કૃપા કરીને આપણને પાર પાડી દેશે. સંગ એ બહુ મહત્ત્વની બાબત છે. તો એવા બળિયાનો સંગ રાખીએ, ચડતાનો સંગ રાખીએ. મોળી વાત કોઈ દિવસ ના ઉચ્ચારવી. શ્રી સ્વામિનારાણ ભગવાને 'વચનામૃત'માં પોતાના અનુયાયીઓને ત્યાં સુધી આજ્ઞા કરી છે કે, 'જે દિવસે મોળી વાત થાય, અભાવ – અવગુણ – ખટપટ – નિંદાની વાત થાય તે દિવસે શિક્ષા સ્વરૂપે પોતે ઉપવાસ કરવો.' એટલે ચઢતાનો સંગ કરવો, સંતોનો સંગ કરવો.

મંડળ કાર્યકર્તા, મંડળ સંચાલકની સેવા છે કે, મંડળના મુક્તોને સંતોની સાથે જોડી દેવા, જેઓ એમને સદ્‌માર્ગ તરફ અને સત્પુરુષ સાથે જોડવામાં મદદરૂપ થશે. આપણે બીજું કાંઈ નથી, માધ્યમ છીએ. ગુણગાન ને મહિમા ગાવાની સેવા આપણા ભાગે આવી છે તો પોતાનો મહિમા વધારવાને બદલે, મુક્તોનો-સંતોનો મહિમા ગાઈને મંડળના સૌ મુક્તોને સંતો સાથે જોડીએ. અને સંતો પણ પોતાની સાથે જોડી રાખવાના બદલે પ્રગટ સત્પુરુષની સાથે જોડી દેશે. અને પ્રગટ સત્પુરુષ પણ આપણને સર્વને ભગવાનમાં જોડવા માટે રાત-દિવસ ઉદ્યમ કરતા હોય છે. આપણી પાસે એવાં સેવાનાં માધ્યમો ને ક્ષેત્રોનાં માધ્યમ દ્વારા આપણને ભગવાનના સુખે સુખિયા થવાના માર્ગે ચલાવે છે.

આવી આધ્યાત્મિકતા જ્યારે આપણે સૌ જીવનમાં વણી લઈને જીવવાનો પ્રયત્ન કરીએ ત્યારે મોટા પુરુષ આપણી ઉપર રાજી થાય છે. પ્રગટ ગુરુહરિ કૃપા કરીને આપણા ઉપર આશીર્વાદ વરસાવે તેવી મંગલ પ્રાર્થના !

જય શ્રી સ્વામિનારાયણ ! ◆



સંતભગવંત સાહેબજી સાથે સંતો-ભક્તો દ્વારા લોકશાહીના રાષ્ટ્રીય પર્વે મતદાન રૂપી ફરજ અર્પણ